કુહાડી અને લાકડાના ફટકાથી ૭૪ વર્ષીય વૃદ્ધાની કરાઈ હત્યા

# પત્ની ન ફરતાં જમાઈએ સાસુની કુહાડીથી હત્યા કરી

**ત્રણ વર્ષથી** ચાલતા ઘરકંકાસનો આવ્યો કરુણ અંત, BNSની હત્યા અને ધમકીની કલમો હેઠળ ગુનો નોંધાયો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

છોટાઉદેપુર તાલુકાના કેવડી ખાતે એક નિર્મમ હત્યાની ઘટના સામે આવી છે. પત્ની લાંબા સમયથી પિયરમાં રહેતી હોવાની અદાવત રાખીને એક જમાઈએ પોતાની જ સાસુ પર કુહાડી અને લાકડાના ફટકા વડે ઘાતકી હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

મળતી માહિતી મુજબ, આરોપી અશ્વિનભાઈ મથુરભાઈ નાયકા (રહે. રીંછવેલ, હોળી ફળિયા, તા.જી. છોટાઉદેપુર) ના લગ્ન વનિતાબેન સાથે થયા હતા. છેલ્લા ત્રણેક વર્ષથી કૌટુંબિક અને ઘરકંકાસના કારણે વનિતાબેન પોતાના પિયર કેવડી ગામે પીપરપાણી ફળિયામાં રહેતા હતા અને પરત આવતા ન હતા. આ બાબતની રીસ રાખીને આરોપી અશ્વિનભાઈ નાયકા તારીખ ૧૫/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સાડા પાંચ વાગ્યે કેવડી ગામે પોતાની સાસરીમાં ધસી ગયો હતો.ત્યાં તેણે પોતાની સાસુ સબુરીબેન (ઉંમર વર્ષ ૭૪, તે કાળુભાઈ ચોથીયાભાઈ નાયકાના વિધવા પત્ની) સાથે ઝઘડો કર્યો હતો. આવેશમાં આવીને આરોપીએ સાસુ સબુરીબેનના માથાના ભાગે કુહાડીના ઘા ઝીંકી દીધા હતા તેમજ હાથ અને પગના ભાગે લાકડાના ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ લોહિયાળ હુમલામાં ગંભીર ઈજાઓ થવાના કારણે વૃદ્ધ સાસુ સબુરીબેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

આટલેથી ન અટકતા, આરોપી અશ્વિન ત્યાંથી કેવડી નર્સરી ખાતે ગયો હતો, જ્યાં તેની દીકરી દ્રષ્ટી કામ કરતી હતી. તે પોતાની દીકરીને ત્યાંથી બળજબરીપૂર્વક ઉઠાવી લાવ્યો હતો. આરોપીએ વનિતાબેન (પત્ની) અને દીકરી દ્રષ્ટી બંનેને મારી નાખવાની ગંભીર ધમકીઓ આપીને ગુનો આચર્યો હતો.

આ સમગ્ર મામલે મૃતકની દીકરી અને આરોપીની પત્ની વનિતાબેન નાયકાએ ઝોઝ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી ને ઝડપી પાડી તેની સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS) ની કલમ ૧૦૩(૧) (હત્યા), ૩૫૧(૨) (ગુનાહિત ધમકી) તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પાછલાં વર્ષ કરતાં માત્ર 30 દિવસમાં વધુ દંડકીય કાર્યવાહી

# કલેક્ટર ગાર્ગી જૈનનો સપાટો: માત્ર ૩૦ દિવસમાં રૂ. ૨૫ કરોડથી વધુનો દંડ

**ગેરકાયદેસર** ખનન સામે શૂન્ય શહનશીલતા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

ખનીજ સંપત્તિ માટે જાણીતા છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર ખનન સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચલાવવામાં આવેલી વિશેષ મુહિમે ખનીજ માફિયાઓમાં ફફડાટ મચાવી દીધો છે. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૩૦ દિવસ દરમિયાન હાથ ધરવામાં આવેલી સઘન કાર્યવાહીમાં રૂ. ૨૫ કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવતા ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓમાં સંકળાયેલા તત્વોમાં ચિંતા વ્યાપી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧૪૧૭ કેસોમાં અંદાજે રૂ. ૧૮.૨૪ કરોડની દંડકીય વસૂલાત કરવામાં આવી હતી. તેની સરખામણીએ કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા શરૂ કરાયેલી વિશેષ ડ્રાઈવમાં માત્ર ૩૦ દિવસ દરમિયાન ૧૧૯ કેસોમાં જ રૂ. ૨૫ કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે. આમ, સમગ્ર વર્ષ દરમિયાન થયેલી વસૂલાત કરતાં પણ વધુ દંડકીય કાર્યવાહી માત્ર એક મહિનામાં નોંધાતા જિલ્લા વહીવટીતંત્રની કામગીરી ચર્ચાનો વિષય બની છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રચાયેલી વિશેષ ટીમે દિવસ-રાત કામગીરી હાથ ધરી હતી. આ ટીમમાં એસ.ડી.એમ. મુસ્કાન ડાગર, જિલ્લા પુરવઠા અધિકારી એન. એફ. વસાવા, નાયબ મામલતદાર રવિ પડિયાર તેમજ ભૂસ્તરશાસ્ત્રી વિપુલ સોલંકી તેમજ ટીમ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત ચેકિંગ, દરોડા અને મોનિટરિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પાદરા સિવિલ કોર્ટ ખસેડવાના નિર્ણય પર રોકની માંગ

# પાદરા બાર એસોસિએશનનો ડિસ્ટ્રિક્ટ જજના એકતરફી નિર્ણય સામે વિરોધ દર્શાવ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.16

"વકીલ મંડળને અંધારામાં રાખી કોર્ટ ખસેડવાનો નિર્ણય સ્વીકાર્ય નહીં" પાદરા સિવિલ કોર્ટનું સ્થળાંતર સ્થાનિક બાર એસોસિએશનને વિશ્વાસમાં લીધા વિના કરવાના નિર્ણય સામે વકીલ આલમમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પાદરા બાર એસોસિએશને વડોદરાના ડિસ્ટ્રિક્ટ જજને લેખિત રજૂઆત કરીને નિર્ણય પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી છે.



બાર એસોસિએશનના પ્રમુખ દીપક પ્રજાપતિએ જણાવ્યું હતું કે, પાદરા કોર્ટ માત્ર એક સરકારી ઈમારત નથી, પરંતુ આઝાદી બાદથી ન્યાયિક પરંપરા અને વકીલાતની ગૌરવશાળી ઓળખનું કેન્દ્ર રહી છે. તેમ છતાં બારના હોદ્દેદારો અને સભ્યોને અંધારામાં રાખીને કોર્ટ ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે લોકશાહી અને પારદર્શક વહીવટના સિદ્ધાંતો વિરુદ્ધ હોવાનું તેમણે જણાવ્યું. વકીલ મંડળના આક્ષેપ મુજબ, હાલની કોર્ટ બિલ્ડિંગ ખાલી કરાવવાનો નિર્ણય માત્ર આર એન્ડ બી વિભાગના સ્ટેબિલિટી રિપોર્ટના આધારે લેવામાં આવ્યો છે, જ્યારે તે રિપોર્ટ પણ સરકારના દબાણ હેઠળ તૈયાર કરાયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વધુમાં, એક વર્ષથી વધુ સમયથી કોર્ટ કાર્યરત હોવા છતાં અચાનક સ્થળાંતરની ઉતાવળ શા માટે કરવામાં આવી રહી છે તે અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ન્યાયના મંદિરમાં જ વકીલો, પક્ષકારો અને સામાન્ય નાગરિકો સાથે અન્યાય થતો હોય તો તે કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં," તેમ બાર એસોસિએશને પોતાની રજૂઆતમાં સ્પષ્ટ જણાવ્યું છે.

# ડભોઈમાં ૮ કારમાંથી કાળી ફિલ્મ દૂર કરાવી મેમો ફટકારાયા

**દિવસ-રાત** પોલીસ ચેકિંગથી ડભોઈમાં વાહનચાલકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.16

ડભોઈ પોલીસ ધ્વારા ટ્રાફિક આર.ટી.ઓ.ના નિયમ ભંગ કરનારા વાહન ચાલકો વિરુદ્ધ શિનોર ચોકડી પાસે અભિયાન શરૂ કરાયું હતું.જેમાં પારદર્શક કાચ ને બદલે કાળા કાચ લગાવેલ આઠ કાર તેમજ લાયસન્સ વિના અને ટ્રાફિક નિયમ નો ભંગ કરનાર આઠ મોટર સાયકલ સામે કાર્યવાહી કરાઈ હતી.જેમાંની ત્રણ મોટર સાયકલો ડિટેન કરી મેમો ફટકાર્યા હતા.

ડભોઇ પોલીસ ધ્વારા રાત્રી ના 11-30 વાગ્યા બાદ પોલીસ ધ્વારા નગર માં માર્ચ નીકળી રહી છે.પોલીસ કુમક ધ્વારા મોડી રાત્રી



ના ઓટલા બેઠકો,બજાર અને ચા ની કિટલીઓ પર ગપ્પા મારતા ઈસમો પાસે મોટર સાયકલ ના કાગળો,લાયસન્સ માટે ની ઝુંબેશ ચલાવાઈ રહી છે.જેથી આખું ડભોઇ નગર રાત્રિ ના જનતા કરફ્યુ માં પરિવર્તિત થઈ જાય છે.ત્યારે હવે દિવસ માં પણ ટ્રાફિક થી ધમધમતા શિનોર ચોકડી વિસ્તાર માં પોલીસ ધ્વારા કાળી ફિલ્મ લગાવેલી આઠ જેટલી કાર સામે કાર્યવાહી કરી કાર પર થી કાલી ફિલ્મ દૂર કરવા સાથે કાર્યવાહી પણ કરાઈ હતી.એટલું જ નહીં આઠ જેટલી મોટર સાયકલો ની સામે પણ ટ્રાફિક નિયમો ભંગ, લાયસન્સ ની તપાસ કરી હતી.

વાહનોની જાળવણી અને માર્ગ સલામતીનો ફરી ઉઠ્યો મુદ્દો

# લીલોડ નજીક ડમ્પર ટ્રકમાં ભીષણ આગ: કરજણ ફાયર ટીમે સમયસર કાબૂ મેળવ્યો

**રાત્રિના** અંધકારમાં સળગતી ટ્રકે સર્જ્યો ભયનો માહોલ

(પ્રતિનિધિ) કરજણ, તા.16

ગઈકાલે રાત્રિના અંધકારમાં, લીલોડ અને કરજણ વચ્ચેના મુખ્ય માર્ગ પર એક ભયાવહ ઘટના બની, જ્યાં એક ડમ્પર ટ્રક આગની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ. આ ઘટનાએ આસપાસના વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ સર્જ્યો હતો, પરંતુ કરજણ ફાયર ટીમના સમયસર અને સક્રિય પ્રતિભાવે મોટી દુર્ઘટના ટાળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, તારીખ 15 જૂનની રાત્રિના સમયે, GJ 24 X 3246 નંબરનો એક ડમ્પર ટ્રક



બોડેલીથી રેતી ભરીને સુરત તરફ જઈ રહ્યો હતો. લીલોડથી નરેશ્વર જતા માર્ગ પર અચાનક અને અગમ્ય કારણોસર આ ટ્રકમાં આગ ફાટી નીકળી હતી. રાત્રિના સમયે સળગતી ટ્રકનો નજારો ભયાવહ હતો, અને આગની જ્વાળાઓ દૂરથી પણ દેખાઈ રહી હતી.

આ ઘટનાની જાણ થતાં જ, કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર જવા રવાના થઈ હતી. ફાયર ફાઈટર્સની ટીમ પૂરી સજ્જતા સાથે ઘટનાસ્થળે પહોંચી અને આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી. આગની તીવ્રતા જોતા, ફાયર ટીમે ઝડપથી પાણીનો છંટકાવ શરૂ કર્યો અને સતત પ્રયાસો બાદ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવ્યો. સદભાગ્યે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ટ્રકને મોટું નુકસાન થયું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી, અને આ અંગે વધુ તપાસ ચાલી રહી છે. આ ઘટના ફરી એકવાર માર્ગ સલામતી અને વાહનોની નિયમિત જાળવણીના મહત્વ પર ભાર મૂકે છે. કરજણ ફાયર ટીમે દર્શાવેલી ત્વરિત કાર્યવાહી અને વ્યાવસાયિકતા પ્રશંસનીય છે.

# શિનોરમાં ૫ વર્ષની બાળકી રહસ્યમય રીતે ગુમ, પોલીસ દોડતી થઈ

(પ્રતિનિધિ) શિનોર, તા.16

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના એક ગામમાં 5 વર્ષની માસૂમ બાળકી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ચિંતા અને ચકચારનો માહોલ સર્જાયો છે. બાળકી પોતાના પરિવાર સાથે ઘર બહાર ખાટલા પર સૂઈ રહી હતી. પરિવારજનોના જણાવ્યા મુજબ રાત્રે અંદાજે 11:30 વાગ્યા સુધી બાળકી ખાટલા પર સૂતેલી જોવા મળી હતી.

વહેલી સવારે અંદાજે 3 વાગ્યાની આસપાસ પરિવારજનો જાગ્યા ત્યારે બાળકી ખાટલા પર જોવા મળી ન હતી. બાળકી અચાનક ગુમ થઈ જતાં પરિવારજનોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ત્યારબાદ પરિવારજનો અને ગ્રામજનોએ



રાત્રિ દરમિયાન ગામ, ફળિયા તેમજ આસપાસના ખેતરોમાં વ્યાપક શોધખોળ હાથ ધરી હતી.

કલાકો સુધી ચાલેલી શોધખોળ છતાં બાળકી અંગે કોઈ માહિતી મળી ન આવતાં શિનોર પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બાળકીની શોધ માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. ગુમ થયેલી બાળકીના પરિવારજનો ભારે ચિંતામાં મુકાયા છે.

# પોઈચા-કનોડા મહી પટમાં ખાણ-ખનીજ વિભાગનો દરોડો, લાખોનો મુદ્દામાલ જપ્ત

**બાતમીના** આધારે ગાંધીનગરથી ટીમે અચાનક દરોડા પાડ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

સાવલી તાલુકાના પોઈચા કનોડા મહી નદી પટ માં ગેર કાયદેસર ખનીજ ની બાતમી ના આધારે ખાણ-ખનીજ વિભાગ ની ફ્લાઈંગ સ્કોવડ ગાંધીનગર દ્વારા દરોડો પાડતા ખનીજ માફીઆઓ માં ફફડાટ વ્યાપી ગયો છે અને લાખો રૂપિયા નો મુદ્દામાલ કબજે કર્યો છે.

સાવલી તાલુકા માં બેફામ રેતી ખનન ચાલી રહ્યું છે અને તંત્ર ની મહેરબાનીથી સરકારની તિજોરી ને કરોડો રૂપિયા નો ચૂનો લાગી રહ્યો છે પરંતુ સ્થાનિક ખાણ ખનીજ વિભાગ



કુંભકર્ણ ની નિંદ્રામાં પોઢી રહ્યું છે તેવામાં પોઈચા કનોડા ગામે ફ્લાઈંગ સ્કોવડ ગાંધીનગર દ્વારા અચાનક દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં મસમોટુ ગેરકાયદેસર ખનન ઝડપાયું છે આજરોજ ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ ની બાતમીના પગલે કાર્યવાહી હાથ ધરવામા આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે.

આ દરોડા માં ટીમે બ્રેકર મશીન, હિટાચી અને ટ્રક સહિતનો કરોડો રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કરોડો રૂપિયાના મુદ્દામાલ પર ખાણ-ખનીજ વિભાગે કબજે કર્યો હોવાની માહિતી મળી રહી છે સ્થળ પરથી ખનન માટે વપરાતા સાધનો અને વાહનો કબજે લેવાયા છે આ કાર્યવાહીને પગલે ખનન માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે જાણવા મળ્યા મુજબ મહી નદી માં મહી વીઅર ડેમ નું કામ કરતા ઈજારેદાર દ્વારા ગેરકાયદેસર ખનન થતું હોવાની માહિતી ના પગલે દરોડા પડ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

અધિકારી ઓ એ હાલ કઈ પણ બોલવાનો ઈનકાર કર્યો છે ગાંધીનગર ની ફ્લાઈંગ સ્કોવડ ના દરોડા ના પગલે સ્થાનિક ખાણખનિજ વિભાગ ઊંઘતું ઝડપાયું છે અને ફરીએકવાર ખનીજ માફિયા ઓ અને તંત્ર ની મિલીભગત કે સાઠગાંઠ બહાર આવી છે.

# વાંકાનેડા-પાન્દુ માર્ગે શંકાસ્પદ માંસના જથ્થા સાથે બે પકડાયા

**ગૌરક્ષા** સમિતિના કાર્યકરોએ વાહન રોકી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) સાવલી, તા.16

ડેસર તાલુકાના વાંકાનેડા-પાન્દુ માર્ગ પર ગૌરક્ષા સમિતિના યુવાનો દ્વારા માંસના જથ્થા સાથે બે વ્યક્તિઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. ગૌરક્ષકોએ ગૌમાસ હોવાની શંકા વ્યક્ત કરી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડેસરના બે કસાઈઓ માંસ લઈને પાન્દુ-કાલોલ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ગૌરક્ષા સમિતિના કાર્યકરોએ વાકાનેડા માર્ગ ઉપર તેમને રોકી ને તપાસ કરતા તેઓ પાસે સંદિગ્ધ માસ નો જથ્થો હતો તમામ હકીકતો ની જાણ ડેસર પોલીસ ને થતા તેઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને બંને ડેસર ના વ્યક્તિઓને માંસના જથ્થા સાથે પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. તેમાં એક સગીર વયનો છોકરો અને એક વૃદ્ધ નો સમાવેશ થાય છે.

ડેસર પોલીસ દ્વારા જપ્ત કરાયેલા માંસના નમૂનાઓ ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તપાસ અહેવાલ પ્રાપ્ત થયા બાદ જ સ્પષ્ટ થશે કે જપ્ત કરાયેલું માંસ ગૌમાંસ છે કે અન્ય કોઈ પ્રાણીનું છે. હાલ સમગ્ર મામલે ડેસર પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, તપાસ અહેવાલના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## મેક ઈન ઈન્ડિયા'ને સમર્થન આપતી JCB ઈન્ડિયા, ૬ લાખ મશીનોનું ઉત્પાદન

વડોદરા: JCB ઈન્ડિયાએ 6,00,000મી મશીનનું ઉત્પાદન અને વેચાણ કરીને મહત્વપૂર્ણ માઈલસ્ટોન હાંસલ કર્યો છે. ચાર દાયકાથી વધુ સમયથી ગ્રાહકો, ડીલરો, સપ્લાયરો અને સમુદાયો સાથેના સહયોગના આધારે કંપનીએ દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. 6,00,000મી મશીન બેકહો લોડર છે, જે તેની બહુમુખીતા અને કાર્યક્ષમતા માટે જાણીતી છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામ્ય તેમજ કૃષિ ક્ષેત્રોમાં વ્યાપક ઉપયોગમાં લેવાય છે. ભારતમાં JCBની છ મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ કાર્યરત છે અને અહીંથી 135થી વધુ દેશોમાં મશીનોની નિકાસ થાય છે. કંપનીએ સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનો વિકસાવતાં મજબૂત સપ્લાયર

માનવતા મહેકી - કલેક્ટર ગાર્ગી જૈનનો માનવીય અને સંવેદનશીલ અભિગમ

# છોટાઉદેપુરના કલેકટરની સંવેદનશીલતા: મહિલાનો જીવ બચાવવા દોડી આવ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

છોટાઉદેપુર જિલ્લાના કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા સંવેદનશીલતા, માનવતા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સામાન્ય નાગરિકોની સુખાકારીને સર્વોપરી માનતા છોટાઉદેપુર કલેક્ટર ગાર્ગી જૈને માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલી મહિલાને સમયસર સારવાર મળી રહે તે માટે પ્રશંસનીય કામગીરી કરી હતી.

આજ રોજ જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન જાગનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન કરી પોતાની કચેરી તરફ પરત ફરી રહ્યા હતા. તે સમય દરમિયાન રસ્તામાં નીતાબેન રાઠવા, રહેવાસી પાદરવટ ગામ અકસ્માતમાં



ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળતા તેમણે તાત્કાલિક પોતાનું વાહન અટકાવ્યું હતું. કલેક્ટરએ સ્થળ પર પહોંચી મહિલાની સ્થિતિ અંગે પૂછપરછ કરી અને જરૂરી માહિતી મેળવી હતી.

પ્રાથમિક તપાસ દરમિયાન મહિલાને માથાના તેમજ હાથના ભાગે ઈજાઓ પહોંચી હોવાનું જણાતા, કલેક્ટરએ સમયનો વિલંબ કર્યા વિના ઈજાગ્રસ્ત મહિલાને પોતાની સરકારી ગાડીમાં બેસાડી સીધા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડી હતી, જેથી મહિલાને ઝડપથી અને યોગ્ય સારવાર મળી હતી.

આ સમગ્ર ઘટનાએ કલેક્ટરના માનવીય અભિગમ અને લોકો પ્રત્યેની સંવેદનશીલતાને ઉજાગર કરી છે. જાહેર જીવનમાં કાર્યરત અધિકારીઓ જ્યારે લોકોની સમસ્યાઓને પોતાની સમસ્યા સમજી તાત્કાલિક મદદ માટે આગળ આવે છે ત્યારે લોકોનો વહીવટીતંત્ર પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બને છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જાહેર જીવનમાં સંવેદના અને સેવા ભાવના એ જ સાચા નેતૃત્વની ઓળખ છે.

# છોટાઉદેપુરમાં લાંબા વીજકાપથી વેપારીઓ અને નાગરિકોને ભારે હાલાકી

**નિયમોના** ભંગના આક્ષેપ વચ્ચે MGVCL-GETCO વિવાદમાં

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

MGVCL અને GETCO છોટાઉદેપુર દ્વારા બેફામ વીજકાપ ની કારણે નગરજનો હેરાન પરેશાન આ વીજ કંપનીઓ તમામ નિયમો ઉલાળી ને કામગીરી કરે છે અને જણાવે છે કે અમે કલેક્ટર ની મંજૂરી મેળવી છે ખરી જરૂરિયાત ના સમયે કંટ્રોલ રૂમ ના ફોન પણ બંધ મળે છે ગત રવિવાર તારીખ 14 જૂન ના રોજ સમગ્ર છોટાઉદેપુર નગર માં સવાર ના 6 કલાક થી વીજ કાપ લાદવામાં આવ્યો હતો જે બજાર વિસ્તાર માં છેક સાંજે 4 ના અરસામાં વીજપ્રવાહ ચાલુ કરવામાં આવ્યો હતો.

વૃદ્ધો,બીમાર,અને બાળકો ખુબજ વધારે હેરાન પરેશાન થયા હતા. દૂધ, ચીઝ પનીર, આઈસક્રીમ જેવી ચીજ વસ્તુઓ માં ભારે નુકશાન થયું હતું. વીજ કંપનીઓ એ તમામ નીતિનિયમો અને ધારા ધોરણો નું ઉલ્લંઘન કરી આ વીજકાપ લાદ્યો હતો. અખબારી જાહેરાત માત્ર 11 વાગ્યા સુધી ની હતી ત્યારબાદ પણ કલાકો સુધી વીજપ્રવાહ ચાલુ ના થતા નગરજનો એ કંટ્રોલ રૂમ માં ફોન કર્યા હતા. આ સમયે કંટ્રોલ રૂમ ના ફોન પણ બંધ આવતા હતા અથવા ત્યાં કોઈ જ સાચી માહિતી આપવામાં આવતી ન હતી.કંટ્રોલ રૂમ ના ફોન બંધ આવવા તે ખરેખર ખૂબ જ ગંભીર બાબત ગણાય. કેટલાક લોકો કચેરી ના વડા અધિકારી ને મોબાઈલ પર સંપર્ક કરતા હતા તેઓ નો ફોન ચાલુ હતો પણ તેઓ પસંદગી ના નંબર ઉપાડતા હતા.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા કાર્યક્રમ યોજાશે

# છોટાઉદેપુર જિલ્લો તા. ૧૮ જૂને TET મુક્તિની માંગ સાથે ધરણા કાર્યક્રમ કરશે

**શિક્ષક** હિતમાં કેન્દ્ર સરકાર નીતિગત નિર્ણય લે તેવી માંગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

સમગ્ર રાજ્યમાં શિક્ષક હિતના વિવિધ પ્રશ્નોને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ છોટાઉદેપુર જિલ્લા દ્વારા તા. 18 જૂન, 2026 ગુરુવારના રોજ બપોરે 3:00 થી 5:00 કલાક દરમિયાન જિલ્લા સેવા સદન ની સામે (કલેક્ટર કચેરી), છોટાઉદેપુર ખાતે 2010 પહેલા નિમણૂંક થયેલા તમામ શિક્ષકોને TET મુક્તિની માંગ સાથે ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ષો સુધી શિક્ષણ કાર્યમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી રહેલા શિક્ષકોને પ્રમોશન અને ઉચ્ચતર જવાબદારીઓ માટે ફરીથી TET પરીક્ષા ફરજિયાત બનાવવામાં આવતા શિક્ષક સમાજમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે. શિક્ષકોનું માનવું છે કે લાંબા સમયથી શિક્ષણ ક્ષેત્રે અનુભવ ધરાવતા શિક્ષકોની કાર્યક્ષમતા અને લાયકાત તેમની સેવાકીય કામગીરીથી સાબિત થાય છે, તેથી તેમને TET પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે સંગઠન સુપ્રીમ કોર્ટના ચુકાદાનો સંપૂર્ણ આદર કરે છે, પરંતુ સાથે સાથે શિક્ષક હિતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા જરૂરી નીતિગત નિર્ણય લઈ અનુભવી શિક્ષકોને TET માંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી છે. આ ધરણા કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષક ભાઈઓ અને બહેનો જોડાનાર છે. કાર્યક્રમ દરમિયાન શિક્ષકો પોતાના પ્રશ્નો અને માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરશે તથા શિક્ષક હિતમાં યોગ્ય નિર્ણય લેવા અપીલ કરશે. જિલ્લામાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ના ધરણા કાર્યક્રમમાં માધ્યમિક શૈક્ષિક મહાસંઘ, ઉચ્ચતર માધ્યમિક શૈક્ષિક મહાસંઘ અને આચાર્ય શૈક્ષિક મહાસંઘ નું સંપૂર્ણ સમર્થન સાથે ધરણામાં જોડાશે.